"માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના"

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૧૧૯/CHE-૧૩૪૨/ખ
સચિવાલય
તા.૧૪/૦૨/૨૦૨૨.

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા.૦૧.૦૩.૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: એસસીએચ/૧૦૨૦૧૨/GOI-૯૩/છ

૨. શિક્ષણ વિભાગનો તા.૨૩.૦૭.૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/UOR-૬/સ

૩. શિક્ષણ વિભાગનો તા.૦૧.૦૨.૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/UOR-૬/ખ

૪. શિક્ષણ વિભાગનો તા.૧૨.૦૨.૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/UOR-૬/ખ

૫. શિક્ષણ વિભાગનો તા.૦૪.૦૧.૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૨૨૦૨૧/૫૯૭/ખ

આમુખ:

રાજ્યમાં અમલી વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓની સમીક્ષા કરી રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગ હેઠળની અગાઉની તમામ શિષ્યવૃત્તિ યોજનાઓ રદ કરી એક નવી સુગ્રથિત શિષ્યવૃત્તિ યોજના નામે "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" ઉપર વંચાણે લીધેલા ક્રમાંક-(૧)નાં ઠરાવથી અમલમાં આવેલ છે. આ ઠરાવની વિવિધ જોગવાઈઓમાં બેંક લોન, વ્યવસાય, હોદ્દો, પગાર ધોરણની મર્યાદા બાબતે મળેલ સુચનોને ધ્યાને લઈ શિષ્યવૃત્તિનાં લાભમાં એકસૂત્રતા રહે તે માટે ક્રમાંક-(૧) નો ઠરાવ રદ કરી વંચાણે લીધેલ ક્રમાંક-(૨)નાં ઠરાવથી માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાની જોગવાઈઓ નવેસરથી નક્કી કરવામાં આવી હતી. રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનાં અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે હાલમાં અમલી "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના"નાં અમલીકરણ બાદ વિદ્યાર્થીઓ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનાનો અપેક્ષીત લાભ લેતા ન હોવાથી તેમજ બદલાતી જતી પરિસ્થિતિને ધ્યાને લઈ સંદર્ભ-(૩)થી માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં જરૂરી સુધારો કરવામાં આવેલ છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની જેમ ધોરણ ૧૦ પછીના ડીપ્લોમા અભ્યાક્રમના વિદ્યાર્થીઓને અને ડીપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષા પાસ કરી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પણ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૨. પુખ્ત વિચારણાને અંતે, માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજના અંતગર્ત લાભાર્થી વિદ્યાર્થીઓની કેટેગરી, પાત્રતા અને તેઓને મળવાપાત્ર રકમ નીચે મુજબ રહેશે.

લાભાર્થી વિદ્યાર્થી ક્યાં ગ્રુપમાંથી આવશે.

(૧) રાજ્યના ૫૦% થી ઓછી મહિલા સાક્ષરતા દર ધરાવતા ૫૦ તાલુકાઓની કન્યાઓ

(૨) ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના કેન્દ્રિય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના કેન્દ્રિય કે રાજ્ય અનામત પોલીસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનો

(૩) શ્રમિકકાર્ડ ધરાવતા શ્રમિક વાલીના બાળકો

(૪) ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વાલીના બાળકો અથવા પોતે ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેવા બાળકો,

(૫) વિધવા મહિલાના બાળકો

(૬) અનાથ બાળકો જેના માતા-પિતા બન્ને મરણ પામેલ હોય

(૭) ડીવોર્સી/ત્યકતા મહિલાના બાળકો

ઉક્ત કેટેગરીમાં આવતા ધોરણ ૧૦ પાસ કરી ડીપ્લોમા અભ્યાક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ, ડીપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષા પાસ કરી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ પાસ કરી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

આવક-મર્યાદા:

રૂ.૪.૫૦ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક હોવી જોઈએ.

અનામત વર્ગોના બાળકો માટે આરક્ષણ:

અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારીરિક અશક્તતા/દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કુલ લાભાર્થી સંખ્યાની ટકાવારીમાં આ યોજનામાં નિયમ મુજબ ભરતી સમયે રાખવામાં આવતી ટકાવારી જેટલી શિષ્યવૃત્તિ સંખ્યા અનામત રહેશે.

<u>શિષ્યવૃત્તિની સંખ્યા:</u>

૨૫૦૦ શિષ્યવૃત્તિઓ

<u>શિષ્યવૃત્તિ માટેના અભ્યાસક્રમો:</u>

મેડીકલ અભ્યાસક્રમ માટે:- ૨૫૦ શિષ્યવૃત્તિ

પેરામેડીકલ અભ્યાસક્રમ માટે:- ૨૫૦ શિષ્યવૃત્તિ

ઈજનેરી અને પ્રોફેશનલ અભ્યાક્રમો માટે:-૧૦૦૦ શિષ્યવૃત્તિ (ધોરણ-૧૦ પછી ડીપ્લોમા અભ્યાસક્રમ માટે-૧૨૦ શિષ્યવૃત્તિ, ડીપ્લોમા પછી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમ માટે-૩૧૦ શિષ્યવૃત્તિ અને ધોરણ-૧૨ પછી ડીગ્રી ઈજનેરી તથા પ્રોફેશનલ અભ્યાસક્રમ માટે- ૫૭૦ શિષ્યવૃત્તિ)

સ્નાતક કક્ષાના અન્ય અભ્યાસક્રમો માટે:- ૧૦૦૦ શિષ્યવૃત્તિ (સાયન્સ(PCM)-300 શિષ્યવૃત્તિ, (PCB)-૧૦૦ શિષ્યવૃત્તિ, અને કોમર્સ અને આર્ટસ-૬૦૦ શિષ્યવૃત્તિ)

<u>શિષ્યવૃત્તિની રકમ:-</u>

(૧) પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર (પેરામેડીકલ માટે) જે તે સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે નિયત થયેલા વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૧,00,000/- (રૂપિયા એક લાખ), તે બે પૈકી જે ઓછુ હોય તેટલી શિષ્યવૃત્તિ મંજુર કરી શકાશે.

(૨) તબીબી સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦% રકમ અથવા રૂ.૫,00,000/-(રૂપિયા પાંચ લાખ), તે બે પૈકી જે ઓછુ હોય તેટલી શિષ્યવૃત્તિ મંજુર કરી શકાશે.

(૩) પાત્રતા ધરાવતા હોય તેવા ધોરણ ૧૦ પછી ડીપ્લોમા સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ. ૫૦,000/- (રૂપિયા પચાસ હજાર), તે બે પૈકી જે ઓછી હોય તેટલી શિષ્યવૃત્તિ મંજુર કરી શકાશે.

(૪) પાત્રતા ધરાવતા હોય તેવા ડીપ્લોમા અભ્યાક્રમની પરીક્ષા પાસ કરી ડીગ્રી ઈજનેરી સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૧,00,000/- (રૂપિયા એક લાખ), તે બે પૈકી જે ઓછી હોય તેટલી શિષ્યવૃત્તિ મંજુર કરી શકાશે.

(૫) પાત્રતા ધરાવતા હોય તેવા ધોરણ ૧૨ પછી ડીગ્રી ઈજનેરી અથવા પ્રોફેશનલ સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૧,00,000/-(રૂપિયા એક લાખ), તે બે પૈકી જે ઓછી હોય તેટલી શિષ્યવૃત્તિ મંજુર કરી શકાશે.

(૬) પાત્રતા ધરાવતા હોય તેવા રાજયની સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર સંસ્થાઓ જેવી કે સાયન્સ, કોમર્સ, આર્ટસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મેરીટના આધારે રૂ.૧૦,૦૦૦/- (દસ હજાર) શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

૩. માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજના હેઠળ લાભ મેળવનાર વિદ્યાર્થીઓને માન. મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત પણ નિયત ધારાધોરણો અનુસાર લાભ મળવાપાત્ર થશે.

૪. આ ઠરાવનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨થી કરવાનો રહેશે

૫. ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૫) ના ઠરાવો રદ કરવામાં આવે છે.

૬. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૦/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એસ.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ
- એકાઉન્ટ જનરલ-૧ (પે એન્ડ ઈ), ગુજરાત રાજ્ય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ-ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઈટ ઉપર અપલોડ કરવા વિનંતી સહ)
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.